# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૨૦ તા. ૨૨-૧૨-૧૫**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : - ગુણોત્સવ કાર્યક્રમ-૨૦૧૬ અંતર્ગત ટેલીકોન્ફરન્સ નિહાળવા અંગે.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ચાલુ વર્ષે ગુણોત્સવ કાર્યક્રમ તા.૭, ૮, ૯ જાન્યુઆરી-૨૦૧૬ દરમ્યાન યોજાનાર છે. આ બાબતે મહાનુભાવો અધિકારીશ્રીઓ અને શિક્ષકોને માર્ગદર્શન મળી રહે તે માટે માન. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં તા. ૨૮-૧૨-૨૦૧૫ના રોજ ૧૦-૦૦ કલાકે વાર્તાલાપ યોજાનાર હોઈ તમારી શાળાના (બંને પાળીના) શિક્ષકો સહિત તમો તમારી શાળામાં આ કાર્યક્રમ બાયસેગ ઉપર ટેલીકોન્ફરન્સ દ્વારા નિહાળશો. ટેલીકોન્ફરન્સ શૈક્ષણિક કાર્યને બાદ ન આવે તે જોવાનું રહેશે.

તા.૨૨-૧૨-૧૫ — ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**પરિપત્ર નં. ૧૨૧ તા. ૨૨-૧૨-૧૫**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-૨૪મી ડિસે-૧૫ રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન નિમિત્તે તા.૨૧-૧૨-૧૫ થી તા.૩૧-૧૨-૧૫ સુધી ગ્રાહક સપ્તાહની ઉજવણી કરવા બાબત**
**સંદર્ભ :-ડે.મ્યુ.કમિશનર સ્કૂલ બોર્ડ ઈન્વર્ડ નં.૪૧૯૭ તા.૧૭-૧૨-૧૫**

આથી તમામ મ્યુનિ.શાળાઓના શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે ૨૪મી ડિસેમ્બર-૧૫ રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન તરીકે ઉજવાય છે.૨૪મી ડિસેમ્બર ૨૦૧૫ના દિવસનું મહત્વ ગ્રાહક જાગૃતિ પર પ્રકાશ પાડવાનું અને ગ્રાહક સુરક્ષા માટે સરકાર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ગ્રાહકોના હિતને આગળ વધારવાનું છે.સરકારશ્રી દ્વારા સમગ્ર રાજ્યમાં તા.૨૧-૧૨-૧૫થી તા.૩૦-૧૨-૧૫ સુધી ગ્રાહક જાગૃતિ સપ્તાહ ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે.આ માટે ભારત સરકાર દ્વારા ચાલુ વર્ષે ૨૪મી ડિસેમ્બર-૨૦૧૫ની ઉજવણીની સલામત અને સ્વાસ્થ્યપ્રદ ખોરાક-ખોરાકમાં ભેળસેળ સામે ઝુંબેશ (Safe and Healthy Food : Combating Food adulteration) થીમ નક્કી કરેલ છે.ગ્રાહક જાગૃતિ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે શાળાઓમાં **ગ્રાહક સુરક્ષા** બાબત નિબંધ સ્પર્ધા તથા ક્વિઝ જેવા કાર્યક્રમોનું આયોજન કરવું

તા.૨૨-૧૨-૧૫ — ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી